| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

તા.૧૬/૦૨/૨૦૨૦ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૩૧૬/૨૦૨૦**

## નિકોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલ અનડીટેક્ટ લુંટના ગુનાને ડીટેક્ટ કરી લુંટ કરી ભાગી જનાર આરોપીને લુટમાં ગયેલ સોનાના દાગીના પૈકી કિ,રૂ.૮૭,૩૮,૭૫૦/- ની મતાના મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરતો મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સ્કવોર્ડ અમદાવાદ શહેર.

"ગઈ તા.૩૦/૦૧/૨૦૨૦ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ખોડીયાર માતાના મંદિર પાસે મુનિવર કોમ્પ્લેક્ષમાં આવેલ દુકાન નં=૯ વૈભવ લક્ષ્મી ગોલ્ડ " નામની દુકાન સામે જાહેર રોડ ઉપરથી એક સ્પોર્ટ મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા ઈસમો ઉવ.૩૦ થી ૩૫ વર્ષના આશરાના તથા મજબુત બાંધાના જેમાં પાછળ બેઠેલ ઈસમે કાળા કલરનુ આખી બાયનુ ટોપીવાળુ જેકેટ પહેરેલ હતુ.તેઓએ છેલ્લા ચારેક વર્ષથી નવરંગપુરા દુ.નં-૨૨,૨૩ સુર મોલ લાલ બંગ્લા ખાતે આવેલ "શ્રી વિકાસ ગોલ્ડ " નામની જ્વેલર્સની દુકાનમાં સેલ્સમેન તરીકે નોકરી કરતા કેતનભાઈ પ્રકાશભાઈ સોનીના હાથમાં રહેલ કાળા કલરનો બેગ ટાઈપનો થેલો જે થેલામાં અલગ અલગ સોનાના દાગીનાઓ ભરેલ કુલ્લે વજન ૩૨૪૭,૫૪૦ ગ્રામ જેની કિ.રૂ.૧,૩૦,૯૪,૦૮૦ /- જેટલી ગણાય તે થેલો ઝુંટવી લઈ લુંટ કરી મોટર સાયકલ ઉપર ભાગી ગયેલ.જે બાબતે નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં=પાર્ટ=એ/૧૧ ૧૯૧૦૧૫૨૦૦૧૧૬/૨૦૨૦ ઈપીકો કલમ.૩૭૯(અ),૧૧૪ મુજબનો ગુનો દાખલ થવા પામેલ હતો.

ઉપરોક્ત ગંભીર પ્રકારના બનાવને સત્વરે ડીટેક્ટ કરવા માટે મે.પોલીસ કમિશ્નરશ્રી આશિષ ભાટીયા સાહેબ તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર - ૨ સાહેબ.નાઓએ આપેલ સુચના આધારે મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-પ અમદાવાદ શહેર.નાઓએ આ ગુના સબંધી તમામ હકીકતોથી વાકેફ થઈ ગુનાની તપાસના તમામ પાસાઓની તપાસ કરવા માટે ઝોન-પ સ્કવોર્ડના પો.સ.ઈ.શ્રી.એસ.જે.ચૌહાણ.તથા આસિ.પો.સબ.ઈન્સ.રશ્મિનભાઈ દિનેશભાઈ તથા હે.કો.જામસિંહ રણુભા બનં-૭૫૦૪.તથા પો.કો.સંજયભાઈ નારસિંગભાઈ બનં=૪૯૭૯.તથા પો.કો.જયેશભાઈ મોતીભાઈ બનં-૧૩૨૨૧ તથા પો.કો.નિમેશકુમાર કૌશિકભાઈ બનં=૧૩૨૨ તથા પો.કો.રાજુભાઈ અનવરભાઈ બનં=૮૫૩૩ તથા નિકોલ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ પો.સ.ઈ.એચ.વી.છાસટીયા.તથા હે.કો.ગૌતમભાઈ હીરાભાઈ બનં-૭૮૪૪ તથા હે.કો.મેહુલકુમાર અમૃતલાલ બનં-૫૩૫૫ તથા પો.કો.જીતેન્દ્રસિંહ હરીસિંહ બનં-૧૦૩૮૮ તથા પો.કો.રજનીશકુમાર હરીભાઈ બનં-૪૨૫૩ તથા પો.કો.કપીલકુમાર કાન્તીભાઈ બનં-૯૮૯૮ તથા પો.કો.વદેસિંહ જુઠાજી બનં-૪૧૮૪ તથા લો.ર.પ્રકાશકુમાર જેઠાભાઈ બનં=૨૪૬ સહીતની ટીમના માણસોને તાકીદના ધોરણે ગંભીર ગુનાનો ભેદ ઉકેલવા માટે ઉપરોક્ત ટીમોને ટેક્નીકલ પુરાવા તેમજ સીસીટીવી સર્વેલન્સ ચેકીંગની કામગીરી સોંપવામાં આવેલ હતી.જે બાબતે ટીમના માણસોએ તમામ માહીતી એકત્રીત કરી ગુનો શોધવા સારૂ પ્રયત્નો હાથ ધરેલા.અને મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી. ઝોન=૫ અમદાવાદ શહેર.નાઓએ જરૂરી માર્ગદર્શન પુરૂ પાડી તમામ ટીમના સંપર્કમાં રહી સંકલન જાળવેલ.

ઉપરોક્ત ગુનાની તપાસમાં હતા દરમ્યાન આસિ.પો.સબ.ઈન્સ.રશ્મિનભાઈ દિનેશભાઈ તથા પો.કો.કપીલકુમાર કાન્તીભાઈ નાઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે નિકોલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં= પાર્ટ=એ/૧૧૧૯૧૦ ૧૫ ૨૦૦૧૧૬ /૨૦૨૦ ઈપીકો કલમ.૩૭૯(અ),૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જે ગુનામાં સંડોવાયેલ આરોપીઓ પૈકીનો એક આરોપી કે જે શરીરે વાદળી કલરનુ શર્ટ તથા કાળા કલરનુ પેન્ટ પહેરેલ છે.જે હાલમાં આ ગુનામાં મેળવેલ સોનાના દાગીના પોતાના કબ્જામાં રાખેલ છે.અને હાલમાં નિકોલ ઠક્કરનગર બ્રીજ પાસે આવેલ સરદાર મોલ પાસે હાજર છે. વિગેરે મતલબની બાતમી હકીકત આધારે આરોપી " નિખિલ સ/ઓ લાખુભાઈ નાનાજીભાઈ રાઠોડ ઉવ.૩૧ રહે.મનં-૮ સિંગલની ચાલી.છારાનગર મોટવાણી બંગ્લાની સામે કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર" નાઓને લુટમાં ગયેલ સોનાના દાગીનાનુ કુલ્લે વજન ૩૨૪૭,૫૪૦ ગ્રામ જેની કિ.રૂ.૧,૩૦,૯૪,૦૮૦ /- ગણાય તે પૈકી સોનાના દાગીના વજન ૨૧૬૭.૩૫૦ ગ્રામ જેની કિ,રૂ.૮૭,૩૮,૭૫૦/- ગણાય તે મતાના મુદ્દામાલ સાથે તા.૧૫/ ૦૨/ ૨૦૨૦ ના કલાક ૧૧/30 વાગે પકડી અટક કરવામાં આવેલ છે.આમ નિકોલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ લુંટના અનડીટેક્ટ ગુનાને શોધી કાઢી લુંટમાં ગયેલ સોનાના દાગીના પૈકી ૨૧૬૭.૩૫૦ ગ્રામ વજનના જેની કિ,રૂ.૮૭,૩૮,૭૫૦/- ગણાય તે મતાના મુદ્દામાલ રીકવર કરી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.તા.૧૫/૦૨/૨૦૨૦.

**આરોપીનો પુર્વ ઈતિહાસ :**

**શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં આંગડીયા પેઢીમાંથી રોકડા રૂપિયા ૭ લાખ ની લુંટના ગુનામાં પકડાયેલ છે.**

**તેમજ સરદારનગર પોલીસ સ્ટેશનમાં ચેઈન સ્નેચિંગના ગુનામાં પકડાયેલ છે.**

**નાસતા ફરતા આરોપીઓ ::**

(૧) મનીષ ઉર્ફે મનોજભાઈ કનૈયાલાલ સેવાણી રહે.સિંગલચાલી છારાનગર કુબેરનગર .

(૨) ઉતમ આત્મારામ તમંચે રહે.સંતોષીનગર સરદારગ્રામ રેલ્વે સ્ટેશનની બાજુમાં કુબરનગર

(૩) વિશાલ વિક્રમભાઈ તમંચે રહે.કુબેરનગર સત્યનારાયણ દુધ ઘરની સામે સરદારનગર .

**મુદ્દામાલ રીકવર::**

લુટમાં ગયેલ સોનાના દાગીના કુલ્લે વજન ૩૨૪૭,૫૪૦ ગ્રામ કિ.રૂ.૧,૩૦,૯૪,૦૮૦ /- તે પૈકી સોનાના દાગીના વજન ૨૧૬૭.૩૫૦ ગ્રામ જેની કિ,રૂ.૮૭,૩૮,૭૫૦/- ની મતાનો મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ છે.

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ ::**

ઝોન-૫ સ્કવોર્ડના પો.સ.ઈ.શ્રી.એસ.જે.ચૌહાણ.તથા નિકોલ પો.સ્ટેશન સર્વેલન્સ પો.સ.ઈ.શ્રી.એચ.વી. છાસટીયા.તથા ઝોન-૫ સ્કવોર્ડના આસિ.પો.સબ.ઈન્સ.રશ્મિનભાઈ દિનેશભાઈ , હે.કો.જામસિંહ રણુભા બનં-૭૫૦૪ , પો.કો.સંજયભાઈ નારસિંગભાઈ બનં=૪૯૭૯ , પો.કો.જયેશભાઈ મોતીભાઈ બનં-૧૩૨૨૧ , પો.કો.નિમેશકુમાર કૌશિકભાઈ બનં=૧૩૨૨ , પો.કો.રાજુભાઈ અનવરભાઈ બનં=૮૫૩૩, નિકોલ પોલીસ સ્ટેશનના હે.કો.ગૌતમભાઈ હીરાભાઈ બનં-૭૮૪૪ ,હે.કો.મેહુલકુમાર અમૃતલાલ બનં-૫૩૫૫ , પો.કો.જીતેન્દ્રસિંહ હરીસિંહ બનં-૧૦૩૮૮ , પો.કો.રજનીશકુમાર હરીભાઈ બનં-૪૨૫૩, પો.કો.કપીલકુમાર કાન્તીભાઈ બનં-૯૮૯૮, પો.કો.વદેસિંહ જુઠાજી બનં-૪૧૮૪ , લો.ર.પ્રકાશકુમાર જેઠાભાઈ બનં=૨૪૬.





# જુગારના આરોપીની અટકાયતની વિગત

## દાણીલીમડા પોલીસ સ્ટેશન :

### જુગારનો કવોલીટી કેસ શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા ઇન્ચાર્જ મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતા દારુ/જુગારના કેસો શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે પોલીસ ઇન્સપેક્ટરશ્રી વી.આર.વસાવાસાહેબનાઓની સુચના હેઠળ તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના આર.એસ.ગોહિલ પો.સબ.ઇન્સ.તથા એન.પી.ગરાસીયા પો.સબ.ઇન્સ.તથા અ.હેડ.કોન્સ.વિજયસિહ રજુજી બ.ન.૯૦૩૬ તથા અ.હેડ.કોન્સ મોસીન યાસીનભાઈ બ.નં-૯૧૨૫ તથા અ.પો.કો.રફીક યુનુસભાઈ બ.નં-૪૪૯૮ તથા અ.પો.કો ગોપાલભાઈ શીવાભાઈ બ.નં-૯૧૬૦ તથા વન ગાડીના માણસો વિગેરે સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના સ્ટાફના અ.હેડ.કોન્સ.વિજયસિહ રજુજી બ.ન.૯૦૩૬ તથા અ.પો.કો.રફીક યુનુસભાઈ બ.નં-૪૪૯૮ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી નં.(૧) મુસ્તુફા સલીમભાઈ જાતે કુરેશી ઉ.વ-૩૨ રહે-મ.નં-૧૦ રાજસ્થાન સોસાયટી શાહઆલમ દાણીલીમડા અમદાવાદ શહેર +૧૧ =૧૨ નાઓ ભેગા મળી ગોળ કુંડાળુ વળી ગંજી પાના પૈસાથી હારજીતનો જુગાર રમી રમતા ગંજી પાના કુલે નંગ-૧૦૪ કિ,રૂ.૦૦/૦૦ તથા અંગજડતીના મળેલ રોકડ નાણા રૂપિયા- ૨૫૬૪૦/- તથા દાવના રૂ- ૪૮૩૦/-તેમજ અલગ-અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ-૦૯ કિ,રૂ.૪૫,૦૦૦/- મળી કુલ્લે કિ,રૂ,૭૫,૪૭૦/-ના મુદ્દામાલ સાથે પકડી લઇ જુગારનો કવોલીટી કેસ શોધી કાઢેલ છે.

# <u>નાસતા-ફરતા આરોપીની અટકાયતની વિગત</u>

## <u>કારંજ પોલીસ સ્ટેશન</u>

### <u>કારંજ પો.સ્ટે.ના અપહરણ તથા આર્મ્સ એક્ટના ગુનાનો નાસતો-ફરતો આરોપી પકડી પાડતી કારંજ સર્વેલન્સ સ્કોડ</u>

મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ સાહેબ તથા મે.એ.સી.પી.શ્રી "સી" ડિવીઝન, સિ.પો.ઇન્સ. શ્રી એફ.એમ.નાયબ સા.ના નાઓએ નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓ તથા જાણીતા ગુનેગારો ઉપર વોચ રાખવા તેમજ પકડવા કરેલ સુચના આધારે કારંજ પો.સ્ટે.ના સર્વેલન્સ સ્કોડના અ.હે.કો બાબુભાઈ હોથાભાઈ બ.નં ૮૮૪૧ તથા અ.હે.કો ગણપતભાઈ અમરાભાઈ બ.નં.૩૬૦૩ તથા અ.પો.કો. કલ્પેશકુમાર ભેમજીભાઇ બ.નં.૬૨૯૧ તથા અ.પો.કો. દિનેશભાઇ ગલબાભાઇ બ.નં.૫૭૨૦ તથા અ.પો.કો. પંકજભાઇ ચેલાભાઇ બ.નં.૪૬૭૭ તથા અ.પો.કો પ્રધ્યુમનસિંહ ઘનશ્યામસિંહ બ.નં.૪૭૭૬ પેટ્રોલીંગ દરમ્યાન સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઇન્સ. આર.આર.ગરચર સાહેબ નાઓએ આપેલ બાતમી આધારે <u>કારંજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૯૪/૨૦૧૮ ધી ઇપીકો કલમ ૩૬૪(ક),૩૯૫,૩૨૩,૧૨૦(બી) તથા આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)(બી)(એ) તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુબના કામનો નાસતો ફરતો આરોપી નામે મોઇનખાન S/O ઇબ્રાહીમખાન છોટેખાન જાતે-પઠાણ ઉં.વ.૪૯ ધંધો-ફ્રોટો ગ્રાફી રહે, મ.નં.૧૧ સોના પાર્ક ફ્લેટ લબ્બેક પાર્ક પાસે આર.સી.સી. રોડ ફતેહવાડી કેનાલ પાસે સરખેજ અમદાવાદ શહેરનાને આજરોજ તા.૧૫/૦૨/૨૦૨૦ના કલાક ૧૬/૫૦ વાગ્યે પકડી અટક કરી</u> કાયદેસરની કાર્યવાહી કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે.



## ગુના નિવારણ શાખા :

# "વિદેશી દારૂના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડતી પી.સી.બી."

મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયા નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે અનુસંધાને તા.૧૬.૨.૨૦૨૦ ના રોજ વહેલી સવારે પીસીબીના સ્ટાફના માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન સ્ટાફને ચોક્કસ બાતમી હકીકત મળેલ કે 'ધર્મેન્દ્ર ઉર્ફે ધર્મેશ ઉર્ફે બોબો કૌશિકભાઈ પટેલ રહેવાસી-મ.ન.એ/૩૦૪, ઉગતી એલીગન્સ સોલા સાયંસ સિટી રોડ સોલા અમદાવાદ નાઓ પોતે તથા પોતાના ભાડુતી માણસો મારફ્તે એક સફેદ કલરની હુંડાઈ કંપની વર્ના ગાડી નંબર GJ-18-AC-0977 મા બહારથી કેટલોક ભારતીય બનાવટનો પરપ્રાંતનો વિદેશી દારુનો જથ્થો મંગાવી પોતાના ફ્લેટ પાસે બ્લોક નંબર એ ની સામે બગીચા પાસે ખુલ્લી જગ્યામા વિદેશી દારુનો જથ્થો કોઈ જગ્યાએ સગેવગે કરનાર છે" જે બાતમી હકીકત આધારે ઉપરોકત જણાવેલ જગ્યાએ પંચો સાથે રેઇડ કરતા નીચે જણાવેલ આરોપીને નીચે મુજબના ભારતીય બનાવટના વિદેશી દારુનો જથ્થા સાથે પકડી પાડી તેની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી સોલા હાઈકોર્ટ પોસ્ટે ખાતે ગુનો રજીસ્ટર કરાવવામા આવેલ છે.

**પકડાયેલ આરોપી :**

(૧) ભુરાલાલ નાથુજી પટેલ (મારવાડી) ઉ.વ.૨૯ રહેવાસી- બી/૪૦૫ જાનકી એપાર્ટમેંટ ઔડાના મકાન રાજપથ ક્લબની પાછળ બોડકદેવ, અમદાવાદ

**વોન્ટેડ આરોપી:**

(૧) ધર્મેન્દ્ર ઉર્ફે ધર્મેશ ઉર્ફે બોબો કૌશિકભાઈ પટેલ રહેવાસી-મ.ન.એ/૩૦૪, ઉગતી એલીગન્સ સોલા સાયંસ સિટી રોડ સોલા અમદાવાદ

**ગુનાની જગ્યા :** સોલા સાયંસ સિટી ઉગતી એલીગન્સ બ્લોક નંબર એ ની સામે આવેલ બગીચા પાસે ખુલ્લી જગ્યામા

**પકડાયેલ મુદામાલ :**

(૧) ભારતીય બનાવટનો વિદેશી દારુની બોટલ નંગ ૧૦૮ (૯ પેટી) કિ.રુ.૮૨,૭૨૮/-

(૨) મોબાઇલ ફોન નંગ ૧ કિ. ૫૦૦/- (૩) હુંડાઈ વર્ના કાર ન. GJ-18-AC-0977 કિ.૨,૦૦,૦૦૦/-

(૪) રોકડ નાણાં રૂ.૧૨૦/- (૫) લાયસંસ તથા આરસીબુક ની નક્લ કિ.૦૦/-

**કુલ્લે રુપિયા ૨,૮૩,૩૪૮/- નો મુદામાલ**





# "SHE TEAM" ની કામગીરીની વિગત

**આનંદનગર** પોલીસ સ્ટેશન વિસ્તારમાં બંસરી બંગ્લોઝ, ગણેશ એપાર્ટમેંટ, પિયુષનગર સોસાયટી, શરણમ ખાતે ફૂટ પેટ્રોલિંગ કર્યુ. **મેઘાણીનગર** પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ આઈ.જી.પી. કમ્પાઉન્ડમાં અવાવરું જગ્યાએ વોચ રાખી પેટ્રોલિંગ કર્યુ.



# પાસા અટકાયતની વિગત

## આનંદનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં અસામાજીક તત્વની પાસા હેઠળ અટકાયત કરતી આનંદનગર પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એન ડીવીઝન નાઓએ પો.સ્ટે વિસ્તારમા શરીર સંબંધીત ગુનાઓ બનતા અટકાવવા અગાઉ શરીર સબંધી ગુનામાં પકડાયેલ આરોપીના યોગ્ય અટકાયતી પગલા લેવા સારૂ સુચનાઓ મળેલ હોય જે અનુસંધાને આનંદનગર પોલીસ સ્ટેશન તેમજ અન્ય પોલીસ સ્ટેશન વિસ્તારમાં શરીર સંબંધી ગુનાઓ કરતા ઇસમ વિરુધ્ધ યોગ્ય કાર્યવાહી કરવા સારૂ એસ.જે.બલોચ સીનીયર પોલીસ ઇન્સપેક્ટર આનંદનગર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ અગાઉ શરીર સબંધી ગુનામાં પકડાયેલ આરોપી સાજન ઉર્ફે લાલો અમથાભાઇ દેસાઇ ઉવ.૨૧ રહે- બી/૪૩ શુભદર્શન એપાર્ટમેન્ટ,પ્રેરણાતીર્થ દેરાસર સામે, આનંદનગર અમદવાદ શહેરનાની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના અટકાયતી હુકમ ક્રમાક પીસીબી/ ડીટીએન / પાસા/૧૮૦/૨૦૨૦ તા-૧૪/૦૨/૨૦૨૦ આધારે સદરી પાસા અટકાયતીને તા-૧૪/૦૨/૨૦૨૦ ના કલાક ૨૨/30 વાગે પાસા હુકમની બજવણી કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે પાસા હેઠળ યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે. તા-૧૪/૦૨/૨૦૨૦

**કામગીરી કરનાર -અધીકારી/કર્મચારી-** (૧) પો.સબ.ઇન્સ કે.બી.મીર
(૨) અ.હે.કોન્સ વિજયદાન મોજદાન
(3 )અ.હે.કોન્સ રાજેંદ્રસિંહ ભીખુભા
(૪)અ.હે.કોન્સ દિલીપકુમાર રાયમલભાઇ
(૫)અ.હે.કોન્સ અલ્પેશભાઇ કનૈયાલાલ

**પાસા અટકાયતી નામ** -સાજન ઉર્ફે લાલો અમથાભાઇ દેસાઇ ઉવ.૨૧
રહે- બી/૪૩ શુભદર્શન એપાર્ટમેન્ટ, પ્રેરણાતીર્થ દેરાસર સામે, આનંદનગર



## <u>ગુના નિવારણ શાખા :</u>

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ **<u>તા.૧૫.૨.૨૦૨૦</u>** નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલક્ત સબંધી, શરીર સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોએ પાર્કીગમા તથા ઘર આગળ તેમજ જાહેર રોડ ઉપર પાર્ક કરેલ મો.સા.ની ડુપ્લીકેટ ચાવીથી લોક ખોલી ચોરી કરી મેળવેલ મો.સા. વેચાણ કરવાના ઈરાદે પોતાના ક્બ્જમા રાખનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે અશોક પોકરજી રાજાજી વણઝારા મ.ન.૮૭૧ જાદવનગર ભરવાડ વાસ મેમનગર અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | અશોક પોકરજી રાજાજી વણઝારા મ.ન.૮૭૧ જાદવનગર ભરવાડ વાસ મેમનગર અમદાવાદ શહેર |

- આ ઉપરાંત શરીરસબંધી મિલક્તસબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય **૨** ઇસમ મળી **<u>કુલ્લે ૩ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી</u>** તેઓને ભુજ,વડોદરા જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.